પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ | વર્ષ : ૨૯ | અંક : ૩૦૬ | કુલ પાના : ૪ | તારીખ : ૧૯-૦૮-૨૦૨૬ બુધવાર | કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER: KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | w w w.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# ઝારખંડમાં સરકાર નરમ પડી ગઈ છે - આંદોલન સમાપ્ત થઈ ગયું છે, પરંતુ આ નીટ જેવું નથી... ઘણી ગૂંચવણો બાકી છે.

## ૨૦૧૪ થી ભરતી પરીક્ષાઓમાં થતી ગેરરીતિઓની સીઆઈડી,એસઆઈટી તપાસ હાથ ધરવામાં આવશે.

રાંચી

જેપીએસસી અને જેસીસીએસ ભરતી પરીક્ષાઓ અંગે ઝારખંડમાં વિદ્યાર્થીઓના વિરોધ બાદ, મુખ્યમંત્રી હેમંત સોરેને જેએસએસસી સીજીએલ પરીક્ષાઓ રદ કરવાની જાહેરાત કરી. તેમણે એવી પણ જાહેરાત કરી કે ટીડીપીએલ એજન્સી દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓ પણ રદ કરવામાં આવશે. ૨૦૧૪ થી ભરતી પરીક્ષાઓમાં થયેલી ગેરરીતિઓની વ્યાપક તપાસનો આદેશ આપવામાં આવ્યો છે.



હેમંત સોરેનની જાહેરાત બાદ, ભૂખ હડતાળ પર રહેલા દેવેન્દ્ર નાથ મહતો, ઉમ્મે હબીબા અને રાહુલ ક્રાંતિએ તેમના ઉપવાસ સમાપ્ત કર્યા, પરંતુ એક જૂથ સીબીઆઈ તપાસની માંગણી સાથે વિરોધ ચાલુ રાખવા પર અડગ છે. ખરેખર, સરકારના નિર્ણય પછી પણ, ઘણા પ્રશ્નોના જવાબ નથી. આ જ કારણ છે કે આ મામલો ફક્ત પરીક્ષા રદ કરવાથી જ સમાપ્ત થતો નથી.

જેએસએસસી સીજીએલ રદ કરવાથી પરીક્ષા પાસ કરનારા, પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરનારા અને કેટલાક કિસ્સાઓમાં નોકરીઓ મેળવનારા ઉમેદવારો પર સૌથી વધુ અસર પડી છે. રદ થયા બાદ, પસંદ થયેલા ઉમેદવારોએ સરકારના નિર્ણયનો વિરોધ શરૂ કર્યો છે. સરકારે હવે સ્પષ્ટ કરવું જોઈએ કે અગાઉ નિયુક્ત ઉમેદવારોનું શું થશેઃ શું તેમને ફરીથી પરીક્ષા આપવી પડશે કે તેમની નિમણૂક માટે કોઈ અલગ કાનૂની પદ્ધતિ હશે. આ મામલો કોર્ટમાં પહોંચી શકે છે. જે ઉમેદવારોની પરીક્ષાઓ અથવા નિમણૂકો રદ કરવામાં આવી છે તેમને કાનૂની આશ્રય લેવાની સ્વતંત્રતા છે. આવી સ્થિતિમાં, સરકારના આદેશને હાઈકોર્ટમાં પડકારવામાં આવશે.

સીબીઆઈ તપાસ વિદ્યાર્થી આંદોલનની મુખ્ય માંગણીઓમાંની એક હતી. જોકે, સરકારે હજુ સુધી આ માંગણી સ્વીકારી નથી. હાલમાં, સરકારે સીઆઈડી-એસઆઈટી તપાસ અને ૨૦૧૪ થી લેવાયેલી પરીક્ષાઓની વ્યાપક તપાસની વાત કરી છે. વિદ્યાર્થીઓ પ્રશ્ન કરે છે કે જો વર્ષોથી અનેક એજન્સીઓ અને ખાનગી કંપનીઓની ભૂમિકા બહાર આવી રહી છે, તો સ્વતંત્ર કેન્દ્રીય એજન્સી દ્વારા તપાસ કેમ કરવામાં આવી રહી નથી? વિદ્યાર્થીઓએ જણાવ્યું છે કે જ્યાં સુધી સરકાર ઝૅ તપાસ માટે સંમત ન થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે.

સરકારે ટીડીપીએલ દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓ રદ કરવાની જાહેરાત કરી છે. અહેવાલો સૂચવે છે કે આમાં પરીક્ષાઓ, પરિણામો અને પસંદગી પ્રક્રિયાઓ રદ કરવાનો પણ સમાવેશ થશે. પરંતુ કઈ પરીક્ષાઓ રદ કરવામાં આવશે? કોના પરિણામો પર અસર થશે? જે ઉમેદવારો પહેલાથી જ નિમણૂક થઈ ચૂક્યા છે તેમનું શું થશે? નવી પરીક્ષાઓ ક્યારે યોજાશે? સરકારે આ મુદ્દાઓ અંગે ન તો લેખિત આદેશ જારી કર્યો છે કે ન તો વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને પરીક્ષા યાદી પૂરી પાડી છે. તેથી, ફક્ત મૌખિક જાહેરાતથી વિવાદ ઉકેલાય તેવી શક્યતા નથી.

સૌથી સંવેદનશીલ મુદ્દો ૧૧મી-૧૩મી જેપીએસસી સાથે સંબંધિત છે. વિદ્યાર્થીઓનો દાવો છે કે આ પરીક્ષા માટે મેરિટ લિસ્ટ તૈયારી પ્રક્રિયામાં ટીડીપીએલએ ભૂમિકા ભજવી હતી. જો સરકાર ટીડીપીએલ સંબંધિત પરીક્ષાઓ રદ કરવાની વાત કરી રહી છે, તો ૧૧મી-૧૩મી જેપીએસસી અંગે અંતિમ નિર્ણય શું હશે? સરકારે આ પરિસ્થિતિ પણ સ્પષ્ટ કરી નથી. ૧૧મી-૧૩મી જેપીએસસી અંગે એક અલગ, સ્પષ્ટ આદેશ જરૂરી છે. સરકારે ૧૪મી જેપીએસસી રદ કરવાની જાહેરાત કરી દીધી છે.

ભરતી પરીક્ષાઓમાં લાંબા વિલંબ અને રદ થવાથી ઉમેદવારોની ઉંમર પર સીધી અસર પડી છે. તેથી, વિરોધીઓ વય છૂટછાટની પણ માંગ કરી રહ્યા હતા. આ મુદ્દે યોગ્ય નિર્ણય લેવામાં આવ્યો છે કે કેમ તે અંગે સરકાર તરફથી કોઈ માહિતી નથી. કારણ કે પુનઃપરીક્ષાનો નિર્ણય પૂરતો રહેશે નહીં. જૂના ઉમેદવારોને બીજી તક આપવા માટે વય છૂટછાટની જરૂર પડશે.

મુખ્યમંત્રીએ જણાવ્યું છે કે ૨૦૧૪ થી લેવામાં આવેલી ભરતી પરીક્ષાઓની તપાસ કરવામાં આવશે. ૧૭ ઓગસ્ટના રોજ હેમંત સોરેનના નિવેદન મુજબ,સીઆઈડી અને એસઆઈટીની તપાસમાં અનેક ચોંકાવનારા તથ્યો બહાર આવ્યા છે. સોરેને જણાવ્યું હતું કે અલગ-અલગ સમયે કાર્યરત કંપનીઓ વચ્ચે એક જટિલ નેટવર્ક ખુલ્યું છે. આનો અર્થ એ છે કે આ મામલો જેએસએસસી સીજીએલ કે વર્તમાન વિવાદ પૂરતો મર્યાદિત રહેશે નહીં. હવે પ્રશ્ન એ છે કે ૨૦૧૪ થી લેવામાં આવેલી કેટલી પરીક્ષાઓની તપાસ થશે, અને જો જૂની પરીક્ષામાં ગેરરીતિઓ જોવા મળે છે, તો પરિણામો અને નિમણૂકોનું શું થશે? આ સૌથી લાંબો અને સૌથી દબાણયુક્ત કાનૂની મુદ્દો હોઈ શકે છે.

નીટ જેવા કિસ્સામાં, પ્રશ્ન એક કેન્દ્રીય પરીક્ષા વિશે હતો જે સમગ્ર દેશમાં એક સાથે લેવામાં આવી હતી. ઝારખંડ વિવાદ જેપીએસસી જેએસએસસી વિવિધ ભરતી પરીક્ષાઓ, આઉટસોર્સ્ડ એજન્સી ટીડીપીએલ અને વર્ષો જૂની પરીક્ષા પ્રણાલીને આવરી લે છે. સરકારે એમ પણ કહ્યું છે કે તે તપાસનો વ્યાપ ૨૦૧૪ સુધી લંબાવશે. તેથી, ફક્ત ફરીથી પરીક્ષાઓ યોજવી એ ઉકેલ રહેશે નહીં. ફરીથી પરીક્ષાઓ અને અગાઉની નિમણૂકો અંગે પણ સ્પષ્ટતાની જરૂર પડશે. આનો અર્થ એ છે કે હેમંત સોરેનની જાહેરાત પછી પણ, વાસ્તવિક યુદ્ધ હજુ આગળ છે.

# ૧૦૭૧ કરોડના સાયબર ફ્રોડનો પર્દાફાશઃ ચાઈલ્ડ પોર્નોગ્રાફીના નામે ડિજિટલ એરેસ્ટ, ૨૫ વર્ષના આરોપીની ધરપકડ

અમદાવાદ

ગુજરાત સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સે દેશભરમાં ચાલતા મોટા સાયબર ફ્રોડ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. તપાસમાં ૧,૦૭૧ કરોડના સાયબર ફ્રોડ સાથે જોડાયેલા ૧,૦૯૦ ગુનાઓનો ભેદ ઉકેલાયો હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે. આ કેસમાં આસામના ૨૫ વર્ષીય રફીકુલ આલમની ધરપકડ કરવામાં આવી છે.



પોલીસના જણાવ્યા મુજબ આરોપી બીસીએ સુધી અભ્યાસ કરેલો છે અને સાયબર ફ્રોડના નેટવર્કમાં મહત્વની ભૂમિકા ભજવતો હતો. આ ગેંગ દ્વારા ગુજરાત સહિત દેશના અલગ-અલગ રાજ્યોમાં લોકોને ડિજિટલ એરેસ્ટ , સાયબર ફ્રોડ અને ચાઈલ્ડ પોર્નોગ્રાફીના કેસમાં ફસાવવાની ધમકી આપી નાણાં પડાવવામાં આવતા હતા.

તપાસ દરમિયાન અમદાવાદના એક સિનિયર સિટીઝન સહિત ગુજરાત અને અન્ય રાજ્યોના લોકો આ ગેંગની છેતરપિંડીનો ભોગ બન્યા હોવાનું સામે આવ્યું છે. ગુજરાતમાં અમદાવાદ, સુરત અને જામનગર ઉપરાંત અન્ય પાંચ રાજ્યોમાં પણ આ પ્રકારની છેતરપિંડીના કેસોની કડીઓ મળી આવી છે. પોલીસના જણાવ્યા પ્રમાણે આરોપીઓ સરકારી અધિકારીઓનો વેશ ધારણ કરીને લોકોને ફોન અથવા વીડિયો કોલ કરતા હતા. તેઓ પોતાને પોલીસ, સીબીઆઈ,ઈડી અથવા અન્ય સરકારી એજન્સીના અધિકારી તરીકે ઓળખાવતા હતા

ગેંગની મોડસ ઓપરેન્ડી મુજબ, પીડિતોને ચાઈલ્ડ પોર્નોગ્રાફી , ગેરકાયદે ઓનલાઈન પ્રવૃત્તિ અથવા અન્ય ગંભીર ગુનામાં સંડોવણી હોવાનો આરોપ લગાવી ડરાવવામાં આવતા હતા. ત્યારબાદ વીડિયો કોલ મારફતે પીડિતોને સતત નજર હેઠળ રાખવામાં આવતા અને પોતાને 'ડિજિટલ એરેસ્ટ' કરવામાં આવ્યા હોવાનું માનવા માટે દબાણ કરવામાં આવતું હતું. કેસમાંથી બચવા અથવા કાર્યવાહી અટકાવવાના બહાને નાણાં ટ્રાન્સફર કરવા માટે માનસિક દબાણ ઊભું કરવામાં આવતું હતું.

તપાસમાં સાયબર ગેંગ દ્વારા છેતરપિંડીથી મેળવેલા નાણાંની હિલચાલ છુપાવવા માટે ૧,૭૫૪ બેંક એકાઉન્ટનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. રકમ એક જ ખાતામાં રાખવાને બદલે અનેક ખાતામાં નાના-મોટા હિસ્સામાં ટ્રાન્સફર કરવામાં આવતી હતી. પોલીસના જણાવ્યા પ્રમાણે કેટલાક કિસ્સામાં નાણાકીય વ્યવહારોની સંપૂર્ણ પ્રક્રિયા માત્ર ત્રણ કલાકની અંદર પૂર્ણ કરવામાં આવતી હતી. આ ઝડપી ટ્રાન્ઝેક્શન પાછળનો હેતુ નાણાંના પ્રવાહને ટ્રેસ કરવાનું તપાસ એજન્સીઓ માટે મુશ્કેલ બનાવવાનો હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

# ગુજરાત ગેસ કંપનીએ ફરી એકવાર સીએનજી ના ભાવમાં તોતિંગ વધારો કર્યો

અમદાવાદ

છેલ્લા માત્ર એક જ મહિનાના ટૂંકા ગાળામાં ગુજરાત ગેસ કંપની ગુજરાત ગેસ કંપનીએ ઝૅઽની ભાવમાં તોતિંગ વધારોકર્યો છે. મોંઘવારીના માર વચ્ચે વાહનચાલકો પર બીજો ફટકો પડ્યો છે. રાજ્યમાં મોંઘવારીના આકરા પ્રહાર વચ્ચે ગુજરાત ગેસ કંપની દ્વારા સીએનજીના ભાવમાં ફરી એકવાર મોટો વધારો ઝીંકવામાં આવ્યો છે. કંપનીએ ગ્રાહકોને મોટો ઝટકો આપતા ઝૅઽના ભાવમાં પ્રતિ કિલો રૂ. ૩.૭૫નો તોતિંગ વધારો જાહેર કર્યો છે.

આ નવા વધારા બાદ હવે ગ્રાહકોને ઝૅઽનો નવો ભાવ રૂ. ૮૮.૭૬ પ્રતિ કિલો ચુકવવો પડશે. સૌથી ચિંતાજનક વાત એ છે કે, ગુજરાત ગેસ દ્વારા એક જ મહિનામાં આ બીજીવાર ઝૅઽના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે, જેના કારણે સામાન્ય અને મધ્યમ વર્ગના વાહનચાલકોનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે.

ગુજરાત ગેસ કંપનીએ આ નિર્ણયથી રાજ્યના અંદાજે ૩.૩૪ લાખથી વધુ ઝૅઽ વાહનચાલકોના ખિસ્સા પર સીધો આર્થિક બોજ પડશે. ઝૅઽના ભાવ વધતા ઓટો-રિક્ષા ચાલકો અને નાના માલવાહક વાહન માલિકોનો દૈનિક ખર્ચ વધી જશે. પરિણામે, આગામી દિવસોમાં ઓટો-રિક્ષાના ભાડા તેમજ લોકલ ટ્રાન્સપોર્ટેશન ખર્ચમાં વધારો થવાની પૂરતી શક્યતા છે.

પેટ્રોલ અને ડીઝલના ઊંચા ભાવથી બચવા માટે જે લોકોએ ઝૅઽ વાહનો અપનાવ્યા હતા, તેઓ પણ હવે સ સતત વધતા ભાવથી પરેશાન થઈ ગયા છે. મોંઘવારીના આ તબક્કામાં સળંગ બીજા વધારાએ સામાન્ય જનતા અને રોજનું કમાઈને રોજ ખાતા રિક્ષાચાલકોની કમર ભાંગી નાખી છે.

# પરીક્ષા પ્રણાલીમાં સુધારો કરવા માટે કાર્યવાહી ઝડપી, એનટીએએ ૫૦ થી વધુ કર્મચારીઓને દૂર કર્યા



નવીદિલ્હી

નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ પરીક્ષા પ્રણાલીમાં સુધારો કરવા માટે કાર્યવાહી ઝડપી બનાવી છે. શિક્ષણ મંત્રાલયે સોમવારે જાહેરાત કરી કે એનટીએએ ૫૦ થી વધુ કર્મચારીઓને દૂર કર્યા છે અને અનેક મુખ્ય હોદ્દાઓ માટે વ્યાવસાયિકોની ભરતી કરવાની પ્રક્રિયા પણ શરૂ કરી છે. નોંધનીય છે કે આ સમાચાર એવા સમયે આવ્યા છે જ્યારે એનટીએએ યુજીસી નીટ પરીક્ષાના ત્રણ વિષયોની પ્રશ્નપત્રોમાં અનેક ભૂલો મળી આવ્યા બાદ ફરીથી પરીક્ષા લેવાનો આદેશ જારી કર્યો છે.ભારત સરકારના શિક્ષણ મંત્રાલયે સોમવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં માહિતી આપી હતી કે કેન્દ્રીય શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશીએ ઉચ્ચ શિક્ષણ વિભાગના સચિવ,એનટીએના નિયામક અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. શિક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, "મંત્રીને તાજેતરના વિકાસ, ખાસ કરીને એનટીએ દ્વારા સમગ્ર સિસ્ટમને સુધારવા માટે અત્યાર સુધી લેવામાં આવેલા પગલાં વિશે માહિતી આપવામાં આવી હતી." તેમને જાણ કરવામાં આવી છે કે એનટીએ માંથી ૫૦ થી વધુ કર્મચારીઓને દૂર કરવામાં આવ્યા છે."શિક્ષણ મંત્રાલય દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, ચીફ ટેકનોલોજી ઓફિસર, ચીફ ફાઈનાન્શિયલ ઓફિસર, ચીફ ઈન્ફર્મેશન સિક્યુરિટી ઓફિસર, જનરલ મેનેજર (પરીક્ષા સુરક્ષા), અને જનરલ મેનેજર સહિત ૧૦ નવી વ્યાવસાયિક જગ્યાઓ માટે જાહેરાતો બહાર પાડવામાં આવી છે અને ભરતી પ્રક્રિયા ચાલી રહી છે. શિક્ષણ મંત્રાલય અનુસાર, સાયબર સુરક્ષા, સાયકોમેટ્રિક્સ, પ્રશ્નપત્રની તૈયારી અને અન્ય વિશિષ્ટ ક્ષેત્રો માટે ખાનગી ક્ષેત્રના વિષય નિષ્ણાતોની પણ ભરતી કરવામાં આવી રહી છે. એ નોંધવું જોઈએ કે દ્ઘછ એ અગાઉ ચાર નવા જનરલ મેનેજર અને ૧૬ યુવા વ્યાવસાયિકોની નિમણૂકો માટે જાહેરાતો જારી કરી હતી.માહિતી અનુસાર, કેન્દ્રીય શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશીએ બેઠકમાં અધિકારીઓને હાલના પરીક્ષા પ્રોટોકોલનું કડક પાલન કરવાનો નિર્દેશ આપ્યો. તેમણે અધિકારીઓને કન્સલ્ડ ઓપરેશન્સ ફ્રેમવર્ક, અલગ રૂમ, એર-ગેપ્ડ સિસ્ટમ્સ અને સાધનોના અમલીકરણની ખાતરી કરવા પણ નિર્દેશ આપ્યો.એનટીએને યુદ્ધના ધોરણે સબમિશન પ્રક્રિયામાં વ્યાપક ફેરફારો લાગુ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. તેણે દ્ઘછ ને બધી પરીક્ષા પ્રક્રિયાઓનું સંપૂર્ણ ઓડિટ કરવા અને સુધારાત્મક પગલાં અંગે અહેવાલ સબમિટ કરવાનો પણ નિર્દેશ આપ્યો છે

# જુનાગઢના માખીયાળામાં એસટી બસ રોકો આંદોલનઃ બસનો સ્ટોપ ન મળતાં વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતર્યા

જૂનાગઢ

જુનાગઢ જિલ્લાના માખીયાળા ગામે એસટી બસનો સ્ટોપ ન મળતા વિદ્યાર્થીઓએ રસ્તા પર ઉતરીને આંદોલન શરૂ કર્યું હતું. બસો ગામમાંથી પસાર થતી હોવા છતાં વિદ્યાર્થીઓને સ્ટોપ આપવામાં આવતો ન હોવાથી તેમને શાળા-કોલેજ જવા માટે મુશ્કેલીનો સામનો કરવો પડતો હોવાની રજૂઆત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓની સાથે ગ્રામજનો પણ આંદોલનમાં જોડાયા હતા.





માખીયાળા ગામમાંથી પસાર થતી એસટી બસો ત્યાં નિયમિત રીતે ઊભી રહેતી ન હોવાના કારણે વિદ્યાર્થીઓને મુશ્કેલી પડી રહી હતી. અભ્યાસ માટે અન્ય સ્થળે જતાં વિદ્યાર્થીઓને બસની સુવિધા મેળવવા માટે મુશ્કેલીનો સામનો કરવો પડતો હોવાની રજૂઆત કરવામાં આવી હતી. સમસ્યાના ઉકેલ માટે અગાઉ પણ એસટી વિભાગ સમક્ષ વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ કાયમી ઉકેલ ન આવતા અંતે વિદ્યાર્થીઓએ આંદોલનનો માર્ગ અપનાવ્યો હતો.

વિદ્યાર્થીઓના આંદોલનને ગામના સ્થાનિક લોકોનું પણ સમર્થન મળ્યું હતું. બસનો સ્ટોપ વિદ્યાર્થીઓ ઉપરાંત સમગ્ર ગામ માટે જરૂરી હોવાથી ગ્રામજનોએ પણ આ મુદ્દે અવાજ ઉઠાવ્યો હતો. આંદોલન દરમિયાન જિલ્લા પંચાયત સદસ્ય કાંતિ ગજેરા પણ સ્થળ પર જોડાયા હતા અને વિદ્યાર્થીઓ તથા ગ્રામજનોની રજૂઆતને સમર્થન આપ્યું હતું.

સ્થાનિકોના જણાવ્યા મુજબ માખીયાળામાં એસટી બસોને સ્ટોપ આપવા અંગે અગાઉથી રજૂઆતો કરવામાં આવી રહી હતી. તેમ છતાં બસ સ્ટોપની સમસ્યાનો ઉકેલ ન આવતા વિદ્યાર્થીઓને મુશ્કેલી પડી રહી હતી. ખાસ કરીને અભ્યાસ માટે નિયમિત મુસાફરી કરતા વિદ્યાર્થીઓ માટે બસની સુવિધા મહત્વની હોવાથી આ પ્રશ્નને લઈને સ્થાનિકોમાં નારાજગી જોવા મળી હતી.

વિદ્યાર્થીઓ અને ગ્રામજનોના આંદોલન બાદ એસટી વિભાગના અધિકારીઓ દ્વારા સમગ્ર મામલે ખાતરી આપવામાં આવી હતી. વિભાગ દ્વારા માખીયાળા ખાતે તમામ લોકલ એસટી બસોને સ્ટોપ આપવાની બાંહેધરી આપવામાં આવી છે. સાથે જ ભવિષ્યમાં બસ સ્ટોપ પર બસો ન રોકાય તો જરૂરી પગલાં લેવામાં આવશે તેવી ખાતરી પણ આપવામાં આવી છે.

એસટી વિભાગની બાંહેધરી બાદ વિદ્યાર્થીઓ અને ગ્રામજનોએ રાહત અનુભવી છે. હવે માખીયાળા ખાતે લોકલ બસો નિયમિત રીતે રોકાય અને વિદ્યાર્થીઓ સહિત ગ્રામજનોને મુસાફરીની સુવિધા મળે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, આપવામાં આવેલી બાંહેધરીનો અમલ કેટલો અસરકારક રીતે થાય છે તેના પર હવે સૌની નજર રહેશે.

# ડોક્ટર હર્ષ પંડ્યા કેસમાં ૪ સિનિયર રેસિડેન્ટ ડોક્ટરો સામે ગુનો, આરોપીઓ ફરાર; પોલીસ શોધખોળમાં

સુરત

સુરતમાં ડોક્ટર હર્ષ પંડ્યાના મૃત્યુ મામલે તપાસ વધુ ગંભીર બની છે. મૃતક ડોક્ટરના પિતાની ફરિયાદના આધારે ચાર સિનિયર રેસિડેન્ટ ડોક્ટરો સામે આપઘાત માટે દુષ્પ્રેરણા સહિતની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધાયા બાદ આરોપીઓ પોલીસ તપાસમાં હાજર ન હોવાનું સામે આવ્યું છે. પોલીસે તેમની શોધખોળ શરૂ કરી છે અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી રહી છે.પોલીસ ફરિયાદમાં ડોક્ટર નિરાલી વસાવે, ડોક્ટર હિના ભૂત, ડોક્ટર અનુજ મહેશ્વરી અને ડોક્ટર દિક્ષિતા ઘેવરિયા સામે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. ફરિયાદ મુજબ, મૃતક ડોક્ટરને કાર્યસ્થળે સતત માનસિક દબાણ અને હેરાનગતિનો





સામનો કરવો પડતો હોવાનો આરોપ છે.ફરિયાદમાં જાહેરમાં અપમાન, ક્ષમતા કરતાં વધુ કામનું ભારણ અને અન્ય પ્રકારની હેરાનગતિના આક્ષેપો પણ કરવામાં આવ્યા છે. આ આરોપોની સત્યતા અંગે હવે પોલીસ તપાસ દરમિયાન પુરાવા અને નિવેદનોના આધારે તપાસ કરવામાં આવશે.કેસ નોંધાયા બાદ ચારેય આરોપી ડોક્ટરો પોલીસને ઉપલબ્ધ ન હોવાનું સામે આવ્યું છે. પોલીસે તેમના સંભવિત ઠેકાણાઓ અંગે તપાસ શરૂ કરી છે. જોકે, આરોપીઓ સામેના તમામ આક્ષેપોની કાયદેસર તપાસ હજુ ચાલુ છે અને તપાસ પૂર્ણ થયા બાદ જ સમગ્ર મામલે વધુ સ્પષ્ટતા થશે.

મામલામાં અગાઉ ડોક્ટર અનુજ મહેશ્વરી અને ડોક્ટર દિક્ષિતા ઘેવરિયાએ પોતાના પર લાગેલા આરોપો અંગે પોતાનો કોઈ દોષ ન હોવાનું જણાવ્યું હોવાનો દાવો સામે આવ્યો હતો. હવે પોલીસ દ્વારા કેસ નોંધાયા બાદ બંને સહિત અન્ય આરોપીઓની ભૂમિકા અંગે તપાસ આગળ વધારવામાં આવી રહી છે.

પોલીસ હવે ફરિયાદમાં કરવામાં આવેલા આક્ષેપો, હોસ્પિટલ અથવા કાર્યસ્થળની સ્થિતિ, સંબંધિત લોકોના નિવેદનો અને અન્ય ઉપલબ્ધ પુરાવાઓની તપાસ કરશે. જરૂરિયાત મુજબ આરોપીઓની પૂછપરછ સહિતની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે

**ગોધરા નગરપાલિકા**

**ઓનલાઈન ટેન્ડર નિવિદા સને-૨૦૨૬-૨૭**

આથી તમામ એજન્સી/ કોન્ટ્રાકટર વિ. ને ગોધરા નગર પાલિકા હસ્તક આવેલ વિવિધ વિભાગોમાં કોમ્પ્યુટર ઓપરેટર, ડ્રાઈવર, ઈલેક્ટ્રીશયન, પ્લમ્બર અને લેબર વિગેરે ને આઉટસોર્સીંગ ટેન્ડર થી રાખવા માટે ના ઓનલાઈન ટેન્ડર tender.nprocure.com વેબસાઈટ ઉપર ઓનલાઈન પબ્લીશ કરવામાં આવેલ છે.. પ્રસ્તુત કામોના ઓનલાઈન ટેન્ડરો તા.૨૯/૦૮/૨૦૨૬ સુધી ભાવો ભરી શકાશે. ભાવો ભરેલ એજન્સી / કોન્ટ્રાકટરે ટેકનીકલ બીડ તા.૦૨/૦૯/૨૦૨૬ સુધી મુખ્ય અધિકારીશ્રી, નગરપાલિકા ગોધરાના નામથી આર.પી.એડી/સ્પીડ પોસ્ટ થી મોકલી આપવાના રહેશે. તા.૦૩/૦૯/૨૦૨૬ ના રોજ ટેન્ડરો ઓપન કરવામાં આવશે. તમામ ટેન્ડન્ટો રતબાદલ કરવાનો હકક નગરપાલિકાને આબાધીત રહેશે.

તા.૧૭/૦૮/૨૦૨૬

(એસ.પી. પટેલ) મુખ્ય અધિકારી નગરપાલિકા ગોધરા | (જશોદાબેન પ્રજાપતિ) પ્રમુખ નગરપાલિકા ગોધરા

માહીતી/ગોધરા/૪૧૦/૨૬

# રાજસ્થાનની સરકારી શાળાઓમાં બહારના લોકોના પ્રવેશ, ફોટા, વીડિયો અને ઈન્ટરવ્યુ અંગેના આદેશથી રાજકીય વિવાદ થયો

જયપુર

રાજસ્થાનની સરકારી શાળાઓમાં બહારના લોકોના પ્રવેશ, ફોટા, વીડિયો અને ઈન્ટરવ્યુ અંગેના આદેશથી રાજકીય વિવાદ ઉભો થયો છે. આ મામલે સૌથી મોટો પ્રશ્ન હવે શિક્ષણ મંત્રી મદન દિલાવરના નિવેદન અંગે ઉઠાવવામાં આવી રહ્યો છે. શિક્ષણ મંત્રી પોતે કહી રહ્યા છે, "હું કેટલાક લોકો પાસેથી સાંભળી રહ્યો છું કે સરકારે કોઈપણ વ્યક્તિને શાળાઓમાં પ્રવેશવા અને રેકોર્ડ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે." આનો અર્થ એ થયો કે જે સરકાર તરફથી આ આદેશ જારી કરવામાં આવ્યો હતો તે જ સરકારના શિક્ષણ મંત્રી ફક્ત આને "મેં સાંભળ્યું છે" એમ કહી રહ્યા છે. જોકે, મંત્રીએ પાછળથી સ્પષ્ટતા કરી કે સરકારે સંપૂર્ણ પ્રતિબંધ લાદ્યો નથી. બાળકોની સલામતી અને ગોપનીયતાને ધ્યાનમાં રાખીને નિયમો ઘડવામાં આવ્યા છે.

માધ્યમિક શિક્ષણ વિભાગ દ્વારા ૧૬-૧૭ ઓગસ્ટના રોજ જારી કરાયેલા આદેશમાં સરકારી શાળાઓમાં બહારના લોકોના પ્રવેશ અને પ્રવૃત્તિઓ અંગે અનેક માર્ગદર્શિકા આપવામાં આવી છે. કોઈપણ બહારના વ્યક્તિને ફોટા, વીડિયો, ઈન્ટરવ્યુ અથવા લાઈવ સ્ટ્રીમિંગ માટે શાળાના આચાર્ય પાસેથી પૂર્વ લેખિત પરવાનગીની જરૂર પડશે. નોંધનીય છે કે રાજસ્થાનની સરકારી શાળાઓમાં અસંખ્ય ખામીઓ જોવા મળી છે, અને વિદ્યાર્થીઓ આનો વિરોધ કરી રહ્યા છે.

શાળાના પરિસરમાં પ્રવેશતા કોઈપણ બહારના વ્યક્તિની માહિતી મુલાકાતી રજિસ્ટરમાં નોંધવામાં આવશે. પરવાનગી મેળવ્યા પછી પણ, તેઓ શાળાના પરિસરમાં એકલા ફરવા માટે સક્ષમ રહેશે નહીં. તેમણે શિક્ષક, સ્ટાફ સભ્ય અથવા આચાર્ય સાથે રહેવું પડશે.

બહારના લોકોને ફક્ત વર્ગખંડો, શૌચાલય, પ્રયોગશાળાઓ અને છાત્રાલયોમાં પ્રવેશવાની મનાઈ રહેશે. શિક્ષણ વિભાગે બાળકોની સલામતી અને ગોપનીયતા સુનિશ્ચિત કરવા માટે "ઈન લોકો પેરેન્ટિસ" ના સિદ્ધાંતનો પણ ઉલ્લેખ કર્યો છે, જેનો અર્થ થાય છે માતાપિતાની જગ્યાએ જવાબદારી લેવી.

પરંતુ આદેશ પ્રકાશમાં આવ્યા પછી, સૌથી વધુ ચર્ચાસ્પદ નિવેદન શિક્ષણ મંત્રી મદન દિલાવરનું નિવેદન છે. પ્રશ્ન એ છે કે, જ્યારે શિક્ષણ વિભાગ દ્વારા આદેશ જારી કરવામાં આવ્યો હતો, ત્યારે શિક્ષણ મંત્રી પોતે શા માટે કહી રહ્યા છે કે તેમણે તેના વિશે "સાંભળ્યું" છે.

શિક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે સરકારે કોઈને પણ શાળાઓમાં પ્રવેશવા અને રેકોર્ડિંગ કરવા પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂક્યો નથી. તેમણે જણાવ્યું હતું કે બાળકોની સલામતી સરકારની જવાબદારી છે, અને સગીર બાળકોના ફોટા કે રેકોર્ડિંગ લેતા પહેલા માતાપિતાની પરવાનગી જરૂરી છે. મંત્રીના મતે, શિક્ષકો શાળામાં હોય ત્યારે બાળકોની સલામતી માટે જવાબદાર છે. શાળા વ્યવસ્થાપન સમિતિ અને વાલી-શિક્ષક બેઠકો દ્વારા પણ બાળકોની સલામતીનું નિરીક્ષણ કરવામાં આવે છે.

મદન દિલાવરે એમ પણ કહ્યું કે કોઈ પણ વ્યક્તિ પરવાનગી વિના શાળામાં પ્રવેશ કરે અને બાળકોને બિનજરૂરી પ્રશ્નો પૂછે કે તેમની ગોપનીયતા પર આક્રમણ કરે તે યોગ્ય નથી. બાળકોના અધિકારોનું ઉલ્લંઘન ન થાય તેની ખાતરી કરવાની જવાબદારી સંસ્થાના વડાની છે.

આ દરમિયાન, શિક્ષણ વિભાગના આ આદેશ અંગે કોંગ્રેસે સરકાર પર હુમલો કર્યો છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ગોવિંદ સિંહ દોટાસરાએ આરોપ લગાવ્યો છે કે સરકાર શાળાઓની ખરાબ સ્થિતિને પ્રકાશમાં ન આવે તે માટે છુપાવવા માંગે છે. દોટાસર કહે છે કે સરકારે સરકારી શાળાઓમાં સિસ્ટમ સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, જમીની પરિસ્થિતિ ઉજાગર કરનારાઓ પર પ્રતિબંધો લાદવાને બદલે.

# કલેકટર DDO સહિત SP સહીત મદદનીશ કમિશનરને આવેદન આપી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ

સંજેલીમાં બોગસ ST પ્રમાણપત્ર કૌભાંડ : નકલી દાખલો બનાવી સરકારી નોકરીઓ, સરપંચ, તલાટીથી લઈને કોન્સ્ટેબલના પદ મેળવ્યા.
– બોગસ આદિવાસી પ્રમાણપત્રનું કૌભાંડ : સંજેલીમાં રાવળ પરિવારે ગેરકાયદે રાવતના દાખલા મેળવી હોવાનો પર્દાફાસ્ટ કર્યો.
– હાલ ભાજપનો મહામંત્રી આદિવાસી સીટ પર ૨ ટ્રર્મથી પૂર્વ સરપંચ કિરણ રાવતે ગેરકાયદે ST હોવાનો લાભ મેળવ્યો.
– ગેરકાયદે ST પ્રમાણપત્ર મેળવનાર આખા પરિવારને તંત્રની કાર્યવાહી પર સૌની નજર.
– સળગતા સવાલોનો તલાટી અને મામલદારની મિલી ભગત સજ્ઞ પુરાવાઓ છતાં તંત્ર મૌન!
– નકલી દાખલો બનાવી સરકારી નોકરીઓ મેળવી : સંજેલીમા બોગસ ST પ્રમાણપત્ર કૌભાંડ.

દાહોદ

દાહોદ જીલ્લાના આદિવાસીઓમાં રોષઃ જીલ્લા કલેકટર વિડીયો સહિત એસપી મદદનીશ કમિશનરને આવેદન આપી તટસ્થ અને જીણવટ રીતે તપાસ કરી કાર્યવાહી કરવાની માન સાથે આદિવાસી પરિવાર દ્વારા બાયો ચડાવી જીલ્લા કલેકટર કચેરીઓમાં આવેદન ૧૫ દિવસનું એન્ટી મેટલ કાર્યવાહી ન થાય તો આંદોલન કરવાની પણ ફરજ પડશે તેવા એંધાણ જોવાઈ રહ્યા છે. બોગસ સર્ટીફીકેટ પ્રમાણપત્રો પર શૈક્ષણિક પ્રવેશ સરકારી નોકરીઓ તેમજ રાજકીય હોદ્દાઓ કડપ આદિવાસીઓના હક્કો પર ડાકો! જેવા અનેક કોભાંડના આક્ષેપો થતા સ્થાનિકથી લઈ ગાંધીનગર સુધી તરફની ચર્ચાએ જોર પકડ્યું. અસલી કે નકલીનો પડદાફાસ્ટ કોણ કરશે? એ તો આવનારા પંદર દિવસમાં જ ખબર પડશે? આ કૌભાંડ ગાંધીનગર અખબાર ભવન માંથી યુવરાજસિંહ દાવા સાથે આક્ષેપ બાદ દાહોદ જીલ્લાના આદિવાસીઓ દ્વારા સ્થાનિક જીલ્લા અને કચેરીઓમાં આવેદન આપી કાર્યવાહીની માંગ કરવામાં આવી. આ પરિવારે અનામતનો ગેરલાભ લઈ સાચા આદિવાસીઓના હક્કો છીનવ્યા છે.

૧)કિરણ રાવળ સંજેલી તાલુકા ભાજપનો મંડળનો મહામંત્રી, એન. કે નર્સિંગ કોલેજ પ્રમુખ , ભાઠીવાડા ખાતે ST કોટા હેઠળ પેટ્રોલ પંપ મેળવ્યો અને બંને પુત્ર વિશાલ કિરણ રાવળ,અમિત કિરણ રાવળ મેડિકલ ક્ષેત્રે અનામત બેઠક નો લાભ લઇ પ્રવેશ મેળવ્યો.

૨)કમલેશ રામસીંગ રાવળ સંજેલી અનાજમાર્કેટમાં આદિવાસી બનીને apmc ડિરેક્ટર નું પદ મેળવેલ છે અને હાલ તેમની પત્ની વૈભવીબેન કમલેશ જેઓ તાલુકા પંચાયતના સદસ્ય છે. કમલેશ રામસીંગ રાવળના બંને પુત્રએ રાજસ્થાનમાં મેડિકલ ક્ષેત્રે અનામત બેઠકો પર પ્રવેશ મેળવ્યો.

૩) માનુસિંગ રાવળ લીમડી પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે.

૪)સંતોષભાઈ રાવળ ફતેપુરા તાલુકામાં તલાટી કમ મંત્રી તરીકે સેવા આપે છે.અને હાલ તેમની બદલી દેવગઢ બારીયાના નજીકની કોઈ પંચાયતમાં તલાટી તરીકે ફરજ બજાવે છે

૫)અમરસિંગ રામસીંગના પુત્ર ચંદ્રકાન્ત અમરસિંગ રાવળ પણ હાલ કોઈ જગ્યાએ નોકરી મેળવી નોકરી કરે છે.

૬)રાવળ વાઘાભાઈ કેસરા જેઓનો પેટ્રોલ પંપ બરોડાની આસપાસમાં ચાલે છે.

૭)રાવળ સંજય સૂર્યકાન્ત જેઓ પણ હાલ અમદાવાદ ખાતે મેડિકલ ક્ષેત્રમાં અભ્યાસ કરે છે. આ સહીતના આખા પરિવારમાં ગેરરીતિ હોવાનના ગંભીર આક્ષેપો કર્યો છે. આ તમામ લોકોના રેકડો સાથે ચેડા કરી બક્ષીપંચ ઓબીસી જ્ઞાતિ ધરાવતા મૂળ હિન્દુ રાવળ પરિવારે ગેરરીતી આચરી એસટી આદિવાસી હોવાના બોગસ પ્રમાણપત્રો મેળવ્યા હોવાના તમામ નકલો અને પેઢીનામાં અને દાખલા સહિતના પુરાવા સાથે દાહોદ જીલ્લામાં પુરાવા સાથે ગંભીર આક્ષેપો કર્યા. સરકારી વયપત્રકમાં જાતિ સ્પષ્ટપણે ‘હિંદુ રાવળ પછાત’ નોંધાયેલી. સંજેલી તાલુકામાં આદિવાસી સમાજના બંધારણીય અધિકારો પર તરાપ મારતું બોગસ અનુસૂચિત જનજાતિ (ST) પ્રમાણપત્ર કૌભાંડ સામે આવ્યું છે. મૂળ હિંદુ રાવળ (બક્ષીપંચ/OBC) જ્ઞાતિ ધરાવતા એક જ પરિવારે સરકારી રેકોર્ડમાં ગેરરીતિ આચરી આદિવાસી હોવાના બોગસ પ્રમાણપત્રો મેળવ્યા હોવાના પુરાવા સાથે ગંભીર આક્ષેપો કર્યા છે. સરકારી વયપત્રકમાં જાતિ સ્પષ્ટપણે ‘હિંદુ રાવળ પછાત’ નોંધાયેલી આ કૌભાંડની યુવરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, સંજેલી તાલુકા કુમાર પ્રાથમિક શાળાના સરકારી વયપત્રક (G.R. No. 2529)માં કમલેશકુમાર રાવળ અને તેમના પૂર્વજોની જાતિ સ્પષ્ટપણે ‘હિંદુ રાવળ પછાત’ નોંધાયેલી છે. મહેસુલી રેકોર્ડમાં મંડેર ગામના હક્ક પત્રક (નોંધ નં. ૮૮૪, ૮૮૯, ૯૧૧ અને ૯૧૪) માં પરિવાર બક્ષીપંચ જ્ઞાતિનો હોવાનો ઉલેખ છે. પરિવારના પૂર્વ કાળુભાઈ રાવળે આદિવાસી ડામોર પરિવારના ભળતા નામનો ગેરલાભ લઈ ૭/૧૨ માં નામ ઉમેરાવ્યું હતું. ત્યારબાદ ૨૦૧૦માં નાની સંજેલી ગામની વયપત્રક નોંધમાં ગેરકાયદેસર રીતે ‘વારસાઈ’(આદિવાસી) શબ્દ ઉમેરીને બોગસ જાતિ પ્રમાણપત્ર મેળવવાનો આધાર ઊભો કરાયો હતો. આ પરિવારનો આદિવાસી સંસ્કૃતિ, રીત-રિવાજો કે જમીનના ૭૩-A/૭૩-AA નિયંત્રણો સાથે કોઈ સંબંધ નથી. તેમના તમામ લગ્નસંબંધો પંચમહાલ અને ફતેપુરાના રાવળ પરિવારોમાં જ થયા છે, જેથી તેઓ મૂળ રાવળ જ્ઞાતિના હોવાનું સાબિત થાય છે.

જો સમગ્ર કૌભાંડની તટસ્થ તપાસ થાય બોગસ જ્જ પ્રમાણપત્રો, નોકરીઓ, મેડિકલ સીટો અને પેટ્રોલ પંપ રદ કરીને ફોજદારી ગુનો (FIR) દાખલ નહીં કરાય, તો આદિવાસી સમાજના હક્કો માટે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે.૧૫ દિવસનું આદિવાસી પરિવાર દ્વારા અલટી મેટલ જો યોગ્ય અને તટસ્થ કાર્યવાહી કરવામાં ન આવે તો આવનારા ૧૫ દિવસ પછી આંદોલન કરવાની ચીમકી.

# ઝાલોદમાં શ્રાવણના પ્રથમ સોમવારે ભક્તિનો મહાસાગર જાગ્યો

**સોમનાથ મહાદેવ મંદિરથી પ્રભુતા પાર્ટી પ્લોટ સુધી ગુંજ્યા ભજન–કીર્તનના સૂર, શિવભક્તિમાં લીન બન્યું.**



ઝાલોદ,

પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવારે ઝાલોદ નગરમાં સર્વત્ર ભક્તિ અને શિવ આરાધનાનો માહોલ જોવા મળ્યો હતો. ભગવાન ભોળેનાથની આરાધના સાથે વિવિધ ભજન મંડળીઓ દ્વારા યોજાયેલા ભક્તિમય કાર્યક્રમોથી સમગ્ર નગર જાણે શિવમય બની ગયું હતું. શ્રાવણના પ્રથમ સોમવારે ઝાલોદમાં ભક્તિનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો.

શ્રાવણ માસના પ્રથમ સોમવાર નિમિત્તે સોમનાથ મહાદેવ મંદિર ખાતે બપોરે ૩ વાગ્યે ગાયત્રી મહિલા ભજન મંડળ (ડબગર સમાજ) દ્વારા ભજન કાર્યક્રમ યોજાયો હતો. મહિલા ભજન મંડળના સભ્યો દ્વારા ભાવસભર ભજનો રજૂ થતાં મંદિર પરિસર ભક્તિના રંગે રંગાઈ ગયું હતું. ભક્તોએ ભજન–કીર્તનનો આનંદ માણી ભગવાન શિવના ચરણોમાં શ્રદ્ધા અર્પણ કરી હતી.

ત્યારબાદ રાત્રે ૯ વાગ્યે રામજી ભજન મંડળ (પટેલ સમાજ) દ્વારા ભજન કાર્યક્રમ યોજાયો હતો. ભજનના મધુર સૂર અને હર હર મહાદેવના જયઘોષથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

આ સાથે પ્રભુતા પાર્ટી પ્લોટ ખાતે ચાલી રહેલી શ્રી શિવ મહાપુરાણ કથાના મંડપમાં રાત્રીના ૯ વાગે રામ ભજન ગ્રુપ (મહિલા મંડળ) દ્વારા પણ ભાવપૂર્ણ ભજન–કીર્તનનો કાર્યક્રમ યોજાયો હતો. શિવ મહાપુરાણ કથાના પવિત્ર માહોલમાં ભજનના સૂરોથી ઉપસ્થિત શ્રદ્ધાળુઓમાં ભક્તિભાવ વધુ ગાઢ બન્યો હતો.

આમ, શ્રાવણના પ્રથમ સોમવારે સોમનાથ મહાદેવ મંદિરથી લઈને પ્રભુતા પાર્ટી પ્લોટ સુધી વિવિધ સ્થળોએ યોજાયેલા ભજન–કીર્તનના કાર્યક્રમોથી ઝાલોદ નગરમાં આધ્યાત્મિક ઉર્જાનો સંચાર થયો હતો. ભજન, ભક્તિ અને ભગવાન શિવની આરાધનાના આ ત્રિવેણી સંગમે ઝાલોદને જાણે હર હર મહાદેવના નાદથી ગુંજતું કરી દીધું હતું.

શ્રાવણ માસના પ્રથમ સોમવારની આ ભક્તિમય ઉજવણીમાં શ્રદ્ધાળુઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સનાતન ધર્મની ભક્તિ પરંપરા અને સંસ્કૃતિને જીવંત રાખવાનો સુંદર સંદેશ આપ્યો હતો.

# દે.બારીયા શહેરના સરકારી હોસ્પિટલના રી-કન્સ્ટ્રકશનના સાઈડ લેબ કાર્યરતથી દર્દીઓને હાલાકીનો વારો છે

દે.બારીયા,

દે.બારીયા શહેરનું જીવાદોરી સમાન ગણાતો સરકારી હોસ્પિટલ પરીસરમાં પોસ્ટમોર્ટમ રૂમના સાઈડ ઓ.પી.ડી. માટે નવો હોલ માટે હાલમાં બાંધકાર્ય હાથ ધરાયું છે. તે સારી અને આવકાર લાયક છે, પરંતુ કન્સ્ટ્રકશનના તરફ જુના કવાટરમાં લેબોરેટરી હાલમાં હાલ કાર્યરત હોવાથી લેબની ચકાસણી માટે જતા દર્દીઓ તેમજ તેના સહયોગીને કન્સ્ટ્રકશનનો માલ સામનમાં સળીયા, પતરા વાગી જવાની ઘણી સંભાવના છે તો આ તરફથી લેબને ખસેડી અન્ય જગ્યાએ કાર્યરત કરવાની માંગ ઉઠવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા શહેરના સરકારી હોસ્પિટલ આમ તો વખાણવા લાયક છે. આપણી ગતિશીલ અને સંવેદનશીલ સરકારે સારા આધુનિક ઉપકરણો લગાવીને આમ, ગરીબ પ્રજા માટે લાભદાયી તો છે, પરંતુ હોસ્પિટલના કર્મીઓ આ ઉપકરણોને કન્ડમ બિનઉપયોગી કરવા તુલેલા છે. આઈ.સી.ઓ.નો વિભાગ તો છે ત્યાં કોઈપણ ડૉકટર તેમજ નર્સ મુકવામાં આવતા નથી. હાલમાં એક પ્રસૃતિ માટે આપેલી માહિતીને ગોધરા જવા માટે કહેવામાં આવ્યું હતું. એ પણ ત્રણ દિવસ એડમીટ રાખ્યા બાદ કોઈપણ પ્રકારનો ઉપચાર કરવામાં ન આવતા ના છુટકે તે પ્રસૃતિની પીડા સાથે ગોધરા સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવી હતી. તમામ સાધનો હોવા છતાં ડૉકટરો સમયે હાજર રહેતા નથી. તેના માટે કોણ જવાબદાર છે. તે તપાસનો વિષય છે.

કન્સ્ટ્રકશનનો સેન્ટીંગનો માલ સામાનમાં પતરા, સળીયા વેરવિખેર પડેલા હોય જેથી દર્દીને શારીરિક ઈજા થવાની સંભાવના રહેલી છે. સંજોગોવસાત સુગરના દર્દીને કન્સ્ટ્રકશનનો સળીયો અથવા પતરું વાગી જાય તેનો ગંભીર પરિણામ ભોગવવાનો વારો આવી શકે છે. જેથી સરકારી હોસ્પિટલના વહિવટી પદના અધિકારીઓ વહેલી તકે કન્સ્ટ્રકશન સાઈડથી લેબોરેટરીને ખસેડીને અન્ય નવી બિલ્ડીંગ જે ત્રણ માળની છે, તો ગમે તે રૂમમાં લેબને



કાર્યરત કરવામાં શું વાંદો છે ? દર્દી તેમજ તેના સાથે આવેલ વ્યક્તિને ઈજા ના થાય તે માટે પગલાં ભરાશે ખરાં ? તે આવનારો સમય બતાવશે.

# ધાનપુર તાલુકામાં બોગસ ST પ્રમાણપત્ર કૌભાંડનો પર્દાફાશ : ૨૩ કર્મચારીઓ સામે વડોદરા વિશ્લેષણ સમિતિમાં તપાસની અરજી થતાં ખળભળાટ

દાહોદ,

દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકામાં બોગસ આદિવાસી દસ્તાવેજો બનાવી સરકારી નોકરીઓ મેળવવાનું મોટું કૌભાંડ સામે આવ્યું છે. ધાનપુર તાલુકાના ૨૩ જેટલા ઈસમોએ બોગસ પેઢીનામા અને ખોટા કાગળોના આધારે એસ.ટી. (Scheduled Tribe)ના પ્રમાણપત્રો મેળવી અલગ–અલગ સરકારી વિભાગોમાં નોકરીઓ મેળવી હોવાનો ગંભીર આક્ષેપ થયો છે.

સાચા આદિવાસી સમાજના બંધારણીય હકો પર તરાપ મારનારા આ ૨૩ બોગસ કર્મચારીઓ સામે કાયદાકીય કડક કાર્યવાહી કરવા અને તેમને તાત્કાલિક અસરથી સરકારી સેવામાંથી દૂર કરવા માટે આદિવાસી પરિવાર સમિતિ તથા નાગરિકો દિલીપભાઈ પરમાર અને ભરત ડામોર દ્વારા તમામ જરૂરી પુરાવા અને દસ્તાવેજી ફાઈલ સાથે વિશ્લેષણ સમિતિ, વડોદરા ખાતે વિધિવત તપાસની અરજી દાખલ કરવામાં આવી છે. બોગસ આદિવાસી દાવેદારોમાં ફફડાટ દાહોદ જીલ્લામાં અગાઉ પણ નકલી કચેરીઓ અને કરોડોના વિકાસ કૌભાંડો ગાજ્યા છે, ત્યારે હવે ધાનપુરમાં બોગસ એસ.ટી. દાખલાના મુદ્દાએ જોર પકડ્યું છે. વિશ્લેષણ સમિતિમાં અરજી થતાં જ બોગસ આદિવાસી બનીને સરકારી નોકરીઓ ભોગવી રહેલા કર્મચારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે અને રાજકીય આકાઓના શરણે ફોન રણકી ઉઠ્યા હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. વડોદરા વિશ્લેષણ સમિતિ સમક્ષ રજૂ કરાયેલા મુખ્ય મુદ્દાઃસાંસ્કૃતિક અને સામાજીક તફાવતઃ બોગસ દાવેદારોના રહેણી–કહેણી, રીત–રિવાજો, લગ્નપ્રથા કે ભીલી ભાષા આદિવાસી સમાજ સાથે મેળ ખાતા નથી. કુટુંબના મોસાળ પક્ષ (મામા–ફોઈ) તથા પિતૃ પક્ષના E વંશાવળી અને પેઢીનામાંની ઊંડાણપૂર્વક તપાસ કરવા માંગ કરવામાં આવી છે. બોગસ દસ્તાવેજોના આધારે નોકરી મેળવનાર તમામ ૨૩ જણા સામે ગુનો નોંધી નોકરી માંથી બરતરફ કરવાની વિનંતી કરાઈ છે. જો વડોદરા વિશ્લેષણ સમિતિના અધિકારીઓ દ્વારા આ કેસમાં તટસ્થ અને પારદર્શી –તપાસ હાથ ધરવામાં આવશે, તો ધાનપુર તાલુકામાં બોગસ એસ.ટી. પ્રમાણપત્રોનો મોટો પરપોટો ફૂટવાની પૂરેપૂરી શક્યતા છે. હવે જોવાનું એ રહેશે કે, વિશ્લેષણ સમિતિના અધિકારીઓ ખરા અર્થમાં દૂધનું દૂધ અને પાણીનું પાણી કરશે કે મામલો ભીનો સંકેલાઈ જશે.

# ફતેપુરા તાલુકાના પાટવેલ ગામે માળી ફળિયામાં બનેલ હિટ એંડ રનની ઘટના

**ચાલકની ગફલતને કારણે મોટરસાયકલ સ્લીપ ખાઈ જતા ચાલકનું સારવાર દરમિયાન મોત.**

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના પાટવેલ ગામે પૂરપાટ દોડી આવતી મોટર સાયકલના ચાલકની ગફલતને કારણે મોટર સાયકલ માળી ફળિયામાં રોડ પર સ્લીપ ખાઈ જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનેલા મોટરસાયકલ ચાલકનું સારવાર દરમિયાન હોસ્પિટલમાં મોત નીપજયાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર ફતેપુરા તાલુકાના બારસાલેડા ગામના નાલી ફળિયામાં રહેતા ૨૩ વર્ષીય નિલેશભાઈ વિનોદભાઈ ચારેલ તેના કબજાની હીરો પેશન પ્રો મોટરસાયકલ પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ જતા તેની ગફલતને કારણે મોટરસાયકલ પાટવેલ ગામે માળી ફળિયામાં જાહેર રોડ ઉપર બપોરના સવા વાગ્યાના સુમારે તેની મોટરસાયકલ સ્લીપ ખાઈ જતા રોડ પર મોટરસાયકલ સાથે ઘસડાતા નિલેશભાઈ વિનોદભાઈ ચારેલને મોઢાના ભાગે ડાબી આંખની બાજુમાં તેમજ ખભાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતા તેને સારવાર માટે તાત્કાલિક ફતેપુરા સરકારી દવાખાને ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેનું સારવાર દરમિયાન ગઈકાલે મોત નીપજ્યું હતું. આ સંબંધે મરણ જનાર નિલેશભાઈ ચારેલના પિતા વિનોદભાઈ સરદારભાઈ ચારેલે ફતેપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ગિરધરનગર કોલેજ કેમ્પસ, દાહોદ દ્વારા ‘હર ઘર તિરંગા ૨૦૨૬’ અંતર્ગત તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું

દાહોદ,

તા.૧૩/૦૮/૨૦૨૬ ના રોજ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જે એન્ડ આર કોલેજ ઓફ એજ્યુકેશન અને શ્રી ઈન્દુભાઈ શેઠ લો કોલેજ દ્વારા ‘હર ઘર તિરંગા ૨૦૨૬’ અંતર્ગત તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તિરંગા યાત્રા ભારત માતા કી જય અને વંદે માતરમ નારા સાથે કોલેજ કેમ્પસ થી છાપરી ગામ સુધી ગઈ હતી. જેમાં મોટી સંખ્યામાં એન.એસ.એસ.,



એન.સી. સી. અને કોલેજના વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યો જોડાયા હતા.

# પ્રેરણા સ્ત્રોત, શ્રેષ્ઠ સિધ્ધિ પ્રાપ્ત સમાજ જનો, રમત વીરોનું બહુમાન

**રોટરી કલબ ડાયમંડ દાહોદના સંકલ્પ સમારોહ અને ડિસ્ટ્રિક ગવર્નરની આધિકારિક યાત્રામાં કરાયું.**




દાહોદ,

રોટરી કલબ વિશ્વસ્તરે વિભિન્ન સેવાકીય પ્રવૃતિ કરનાર મોટામાં મોટી એન.જી.ઓ. છે. વિશ્વ માંથી પોલિયો નું નિર્મૂલન અને હવે મેલેરિયા નાબૂદી માટે વિશ્વમાં કામ કરતી રોટરીની, દાહોદ ડાયમંડ કલબના સંકલ્પ સમારોહ અને ડિસ્ટ્રિક ગવર્નરની આધિકારિક યાત્રા દરમિયાન સમાજમાં પ્રેરણા સ્ત્રોત બનતા સમાજ જનો અને રમત ગમત ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે સમાજ, પરિવાર, ગામ, રાજ્યનું નામ ઉજાગર કરનાર સમાજ સેવકો કે જેઓ વિશિષ્ટ સેવા કાર્ય થી અલગ છાપ ધરાવતા દાહોદ સબ જેલના જેલ અધિક્ષક એમ.એલ. ગમારા, નિવૃતિ પામેલ વરિષ્ઠજનોને કલેપિંગ થકી શારીરિક ફિટનેસ અપાવતા કલેપીંગ ગ્રુપના આયોજક રાજકુમાર સહેતાઈ,પોતાની નૈતિકતા બતાવી અકસ્માતમાં માતબર રકમ ચૂકવનાર અજયસિંહ પલાસ, મલેશિયા ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય તાયેકવોન્ડો સ્પર્ધામાં બે સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ મેળવનાર મિસ્બા દિવાન અને રગ્બી રમતમાં રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરનાર દાહોદ તાલુકાના આગાવાડા ગામની દીકરીઓ રોશની મિનામા, મનીષા કટારા, કાજલ ભાભોર સર્વેને ડિસ્ટ્રિક ગવર્નર સંસ્કાર કોઠારી, આર.એ.સી, દાહોદ જીલ્લા જે.એમ.રાવલ, સહાયક ગવર્નર ડો.રમાકાંત પંડ્યા,ડિસ્ટ્રિક્ટ ની પ્રથમ મહિલા દિપ્તીબેન કોઠારી, ડો.આરાધના સહાય ના હસ્તે પ્રશસ્તિ પત્રો,સ્મૃતિ ભેટ આપી બહુમાન કરાયું હતું.પ્રાસંગિક વક્તવ્યમાં ડિસ્ટ્રિક્ટ ગવર્નર સંસ્કાર કોઠારી એ વિશ્વ સ્તરે રોટરીની સેવાકીય પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી આપી હતી. દાહોદ જીલ્લાના આર,એ.સી જે.એમ.રાવલે કલબની સેવાકીય પ્રવૃત્તિની સરાહના કરી હતી અને સાથે સાથે કલબના સદસ્યોને સમાજના ઉત્થાન માટે કાર્ય કરવા શુભેચ્છાઓ આપી હતી.વર્ષ ૨૦૨૬–૨૭ ના વરાયેલા પ્રમુખ રતન સિંગ બામણિયા, સેક્રેટરી લતાબેન સોલંકી અને નવા સદસ્યો સયુંકતાબેન મોદી, શૈલેષભાઈ મેડા, સોનુબેન શાસ્ત્રી,મોનિકાબેન પટેલને સંકલ્પ અધિકારી ડિસ્ટ્રિક્ટ ગવર્નર સંસ્કાર કોઠારી એ હોદ્દાના સંકલ્પ લેવડાવ્યા હતા.સંકલ્પ સમારોહ કાર્યક્રમનું સંચાલન કલબના સહાયક ગવર્નર હીરાલાલ સોલંકી, જયેન્દ્ર વૈરાગી અને વ્યવસ્થા વાસુદેવ મંગલાની, પ્રદીપ રાઠોડ દ્વારા કરાઈ હતી. સમારોહમાં મોટી સંખ્યામાં ડેરોલ, ગોધરા, ઝાબુઆ, રતલામ અને ઈન્દોરના રોટેરિયન મિત્રો અને શુભેચ્છકો ઉપસ્થિત રહી સફળ બનાવ્યો હતો.

# ઝાલોદમાં શ્રી શિવ મહાપુરાણ કથાના ત્રીજા દિવસે ભક્તિમય બન્યું વાતાવરણ

ઝાલોદ,

શ્રાવણ માસના પવિત્ર અને શિવમય વાતાવરણમાં ઝાલોદ મહિલા સુંદરકાંડ મંડળ દ્વારા આયોજીત શ્રી શિવ મહાપુરાણ કથા મહોત્સવનો ભાવભક્તિપૂર્ણ માહોલમાં ભવ્ય રીતે લાભ લેવાઈ રહ્યો છે. શ્રી ધામ વૃંદાવનથી પધારેલા પૂજ્ય ગુરૂદેવ શ્રી વિષ્ણુકાંત મહારાજની વ્યાસપીઠ પરથી વહેતી શિવકથાની અમૃતધારાનું ભાવિક ભક્તો શ્રદ્ધાપૂર્વક રસપાન કરી રહ્યા છે.

કથાના ત્રીજા દિવસે કથામંડપમાં વહેલી સવારથી જ ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. ભાવિક ભક્તોએ ભગવાન શિવનું સ્મરણ કરી પૂજા–અર્ચના કરી હતી. શ્રાવણ માસ દરમિયાન સવા લાખ પાર્થિવ શિવલિંગ બનાવી તેમની વિધિવત પૂજા કરવાનો સંકલ્પ પણ લેવામાં આવ્યો છે. જેના કારણે સમગ્ર કથામંડપમાં હર હર મહાદેવના જયઘોષ સાથે શિવભક્તિનો માહોલ છવાયો હતો.શ્રી શિવ મહાપુરાણની કથામાં ભગવાન શિવના દિવ્ય સ્વરૂપ, શિવતત્ત્વ અને ભક્તિની મહિમાનું સુંદર નિરૂપણ કરવામાં આવ્યું હતું. પૂજ્ય ગુરૂદેવ શ્રી વિષ્ણુકાંત મહારાજે શિવભક્તિના માધ્યમથી જીવનમાં સદાચાર, સંયમ, સેવા, શ્રદ્ધા અને સદવિચારોનું મહત્વ સમજાવ્યું હતું.કથાના પ્રસંગો દરમિયાન ભક્તો ભાવવિભોર બન્યા હતા. ભગવાન શિવના નામસ્મરણ અને મહિમાગાનથી સમગ્ર કથામંડપ જાણે શિવધામમાં પરિવર્તિત થયો હોય તેવો દિવ્ય અનુભવ ભાવિકોએ કર્યો હતો.શ્રાવણ માસમાં શિવપૂજનનું વિશેષ મહત્ત્વ સમજાવતા ગુરૂદેવે ભાવિકોને ભગવાન શિવ પ્રત્યે અડગ શ્રદ્ધા રાખવા તેમજ જીવનમાં સાત્વિકતા અને સંસ્કારોને સ્થાન આપવા પ્રેરણા આપી હતી.સુંદર આયોજનથી ભક્તોને મળી રહી છે આધ્યાત્મિક અનુભૂતિ ઝાલોદ મહિલા સુંદરકાંડ મંડળ દ્વારા શ્રી શિવ મહાપુરાણ કથા મહોત્સવનું સુંદર અને સુવ્યવસ્થિત



આયોજન કરવામાં આવ્યું છે. કથામાં મોટી સંખ્યામાં મહિલા–પુરુષ ભાવિકો ઉપસ્થિત રહીને શિવકથાનો લાભ લઈ રહ્યા છે.કથાના ત્રીજા દિવસે પણ ભાવિકોની ઉપસ્થિતિથી કથામંડપ ખીચોખીચ ભરાયો હતો. પૂજા–અર્ચના, શિવલિંગ નિર્માણ, કથાનું શ્રવણ અને ભક્તિભાવ સાથે સમગ્ર ઝાલોદ નગર હર હર મહાદેવના નાદથી શિવમય બની ગયું હતું

શ્રાવણના પવિત્ર માસમાં શિવકથાનું શ્રવણ, પાર્થિવ શિવલિંગનું પૂજન અને મહાદેવના નામસ્મરણથી ભક્તોમાં આધ્યાત્મિક ઉર્જા અને ભક્તિભાવનો સંચાર થઈ રહ્યો છે

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**
કેસ નંબરઃ– ૭૮૧/૨૦૨૬ તા.૧૧/૦૮/૨૦૨૬
અરજદારઃ ભુરીયા ભલાભાઈ પારિસંગભાઈ રહે, ભેં તા.ગરખાડા, જિ.દાહોદ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીથી, ભેં, તા. ગરબાડા, જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ભુરીયા ભલાભાઈ પારસિંગભાઈના પુત્ર નામે ભુરીયા સબુરભાઈ ભલાભાઈનો તા.૨૬/૦૫/૧૯૭૭ ના રોજ ગામ,ભેં,તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ અરજદારના પુત્ર ના જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ભેં ,તા. ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્ર ના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
તારીખ :૧૧/૦૮/૨૦૨૬ — કોર્ટનો સિક્કો — એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
સ્થળ : ગરબાડા — મામલતદાર ગરબાડા

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**
કેસ નંબરઃ– ૭૮૦/૨૦૨૬ તા.૧૧/૦૮/૨૦૨૬
અરજદાર ભુરીયા સબુરભાઈ ભલાભાઇ રહે.ભેં તા.ગરબાડા, જિ.દાહોદ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, ભેં, ના. ગરબાડા,જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ભુરીયા સબુરભાઈ ભલાભાઇના પુત્રો નામે (૧) ભુરીયા નરેશભાઇ સબુરભાઈનો જન્મ તા.૦૬/૦૫/૧૯૯૪ ના રોજ ગામ ભેં,તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે (૨) ભુરીયા રાકેશભાઇ સબુરભાઈનો જન્મ તા.૦૪/૦૬/૧૯૯૮ ના રોજ ગામ. ભેં, તા.ગરબાડા જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ અરજદારના પુત્રો ના જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ભેં ,તા. ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રો ના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
તારીખ :૧૧/૦૮/૨૦૨૬ — કોર્ટનો સિક્કો — એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
સ્થળ : ગરબાડા — મામલતદાર ગરબાડા

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**
કેસ નંબરઃ– ૭૭૯/૨૦૨૬ તા.૦૬/૦૮/૨૦૨૬
સરજદારઃ ભુરીયા કમલાભાઈ નરસુભાઈ રહે. પાટીયા તા.ગરબાડા, જિ.દાહોદ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, પાટીયા તા. ગરબાડા જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ભુરીયા કમલાભાઈ નરસુભાઈ પુત્ર નામે ભુરીયા મુકેશભાઈ કમલાભાઈનો જન્મ તા.૨૫/૦૬/૧૯૯૦ના રોજ ગામ પાટીયા, તા. ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ અરજદારના પુત્રના જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, પાટીયા ,તા. ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રના જન્મ ના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
તારીખ :૦૬/૦૮/૨૦૨૬ — કોર્ટનો સિક્કો — એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
સ્થળ : ગરબાડા — મામલતદાર ગરબાડા

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**
કેસ નંબરઃ– ૮૦૨/૨૦૨૬ તા.૧૩/૦૮/૨૦૨૬
અરજદારઃમાવી બાબુભાઈ નાનજીભાઇ રહે.ઝરીબુઝર્ગ, તા. ગરબાડા, જિ.દાહોદ

સામાવાળાતલાટી કમ મંત્રીશ્રી,ઝરીબુઝર્ગ, તા. ગરબાડા, જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી માવી બાબુભાઈ નાનજીભાઈ ના પુત્રી માવી પિંકલબેન બાબુભાઈનો જન્મ તા.૦૧/૦૧/૨૦૧૧નારોજ ગામ,ઝરીબુઝર્ગ, તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ અરજદારના પુત્રીનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ગરબાડા ,તા. ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રીનો જન્મ ના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
તારીખ :૧૩/૦૮/૨૦૨૬ — કોર્ટનો સિક્કો — એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
સ્થળ : ગરબાડા — મામલતદાર ગરબાડા

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 29, No.306

